જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૨/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૪૪૧/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૬૦ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૩૦૮ લીટર દેશી દારૂ, ૦૫ બીયરટીન, ૦૨ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૪૩૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૪૪૨/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>બળજબરીથી કઢાવી લેવાની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૪૩/૧૭</u>**

**પાલડી :** નરેશભાઈ ખીમજીભાઈ નંદા (ઉ.વ.૩૧)(રહે,શાલીગ્રામ બંગ્લોઝ પ્રમુખ રેસીડન્સી પાછળ દમનચલ્લા રોડ વાપી) એ તા.૪/૧૨/૧૭ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૯/૧૭ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન પાલડી ચાર રસ્તા પાસે આવેલા ગાર્ડનમાં આરોપી (૧) અરુણા ઉર્ફે સોનાલી શમ્મી કપુર (૨) હિના કપુર (બંને રહે, કોપર ખેરાને ગાવઠન સેક્ટર-૧૯ કોપર ખેરાને નવી મુંબઈ મહારાષ્ટ્ર) (૩) શામુ ચૌધરી (જેના પુરા નામ સરનામાની ખબર નથી) અને (૪) શામુ ચૌધરીનો માણસ (જેના નામ સરનામાની ખબર નથી) ભેગામળી નરેશભાઇ ને પોતાના તથા સોનાલીના ફોટા વોટ્સઅપ તેમજ ફેસબુક ઉપર મુકવાની ધમકી આપી બ્લેકમેલ કરી તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી, તેમની પાસેથી કુલ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- કઢાવી લીધા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારગી ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૪૪/૧૭**

**નિકોલ :** હેમલભાઇ હસમુખભાઇ વાળા (રહે,ચંન્દ્રભાગાનગર ખોડીયારનગર રોડ નિકોલ) એ તા.૦૪/૧૨/૧૭ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૧/૧૭ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે નિકોલ ચુનારાવાસ પાસે, બાપા સીતારામ પાર્કીંગ પાસે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૨૭.વી.૧૨૧૬ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૨૭/૧૧/૧૭ ના ક્લાક ૩/૧૫ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**નવરંગપુરા :** નિલેશ રેવાભાઈ વાણીયા (ઉ.વ.૨૦)(રહે, ઉદયનગર નેશનલ હેંન્ડલુમ પાસે અમરાઈવાડી) એ તા.૦૪/૧૨/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૧/૧૭ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા ખાતે આવેલ એચકે.કોલેજના ગેટની બહાર રોડ ઉપર પોતાની અપાચી ૧૮૦ સી.સી. મોટર સાયકલ (જેનો આર.ટી.ઓ. નંબર આવેલ નથી) કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૨૮/૧૧/૧૭ ના ક્લાક ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.જે.જોષી ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૪૪૫/૧૭**

**સાબરમતી :** મફાભાઇ રાવત (ઉ.વ.૭૦)(રહે,રમણભાઇ વિઠ્ઠલભાઇ પટેલની ચાલી જાંબુચોક કાળીગામ સાબરમતી) નાઓ તા.૪/૧૨/૧૭ સવારનાં ૪/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા ધરતીનગર પાસે ચાલવા નિકળ્યા હતા દરમ્યાન ડિ'કેબીન રેલ્વે ફાટક ક્રોસ કરતા, ટ્રેનની અડફેટે ટક્કર વાગતા, શરીરે ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૪૪૬/૧૭**

**ખોખરા :** પુજાબેન ડો/ઓ રામલાલ શર્મા (ઉ.વ.૩૨)(રહે,કૈલાસનગર રાષ્ટ્રભારતી સ્કુલ પાસે ખોખરા) એ કોઇ અગમ્ય કારણસર તા.૪/૧૨/૧૭ નાં કલાક ૬/૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.મકવાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.